# વર્ષાની વિદાય અને શરદનું આગમન એટલે ભાદરવો

**ભાદરવામાં પ્રકૃતિ તેની પોતાની સાથે માણસને પણ તેના વાતાવરણ સાથે તાલ મિલાવી જુદા જુદા તહેવારો દ્વારા તેના મનને શુદ્ધ કરવાનું સૂચન તેમજ વ્યવસ્થા આપે છે**

ગાંધીનગર, તા. ૨૮

ભાદરવા સુદ પડવોને ૨૮મી ઓગષ્ટથી ભાદરવાનો પ્રારંભ થયો છે. વર્ષાની વિદાય અને શરદનું આગમન એટલે ભાદરવો. દિવસે ધોમ ધખે અને મોડી રાત્રે આછુ ઓઢીને સુવુ પડે એવો ઠાર પડે. આયુર્વેદાચાર્યો કહી ગયા છે કે વર્ષામાં પિત્તનો સંગ્રહ થાય અને શરદમાં તે પિત્ત પ્રકોપે. આ પ્રકોપવું એટલે તાવ.

જેમ આપણે રોજ સવારે બ્રશ કરીને દાંત શુદ્ધિ તથા સ્નાન કરીને શરીર શુદ્ધિ કરીને દિવસ શરૂ કરીએ છીએ તે જ રીતે ભાદરવા મહિનામાં પ્રકૃતિ પણ વરસાદથી નાહીને શુદ્ધ થઈ ગઈ હોય એવું લાગે છે. હવા, ઝાડ-પાન અને પૃથ્વી, શ્રાવણના વરસાદથી પોતાનો બધો જ કચરો કાઢી, સંતૃપ્ત થઈને નવા વર્ષ માટે તૈયાર થઈ ગયા હોય તેવું અનુભવાય છે. ભાદરવામાં પ્રકૃતિ તેની પોતાની સાથે માણસને પણ તેના વાતાવરણ સાથે તાલ મિલાવી જુદા જુદા તહેવારો દ્વારા તેના પોતાના મનને શુદ્ધ કરવાનું સૂચન તેમજ વ્યવસ્થા આપે છે, સર્વે જીવન્તુ નિરામયાઃ

### ભાદરવાના તાપ અને તાવથી

- ભાદરવાના ત્રીસે દિવસ રોજ રાત્રે સુતા પહેલા સુદર્શન-મહા સુદર્શન ઘનવટી ૨-૩ ટીકડી ચાવીને નવસેકા ગરમ પાણી સાથે લેવી.
- અનુકૂળ હોય તો ભાદરવાના ત્રીસે દિવસ દૂધ, ચોખા, સાકરની ખીર અથવા દૂધ પૌવા ખાવા. ગળ્યુ દૂધ એ વકરેલા પિત્તનું જાની દુશ્મન છે. આ હેતુથી જ શ્રાદ્ધપક્ષમાં ખીર બનાવવાનું આયોજન થયું હતું.
- જેની છાલ પર કથ્થાઈ કાળા ડાઘ હોય એવા પાકેલા કેળાને છુંદીને એમાં સાકર ઉમેરી બપોરે જમવા સાથે ખાવા, જો ઈચ્છા હોય તો ઘી પણ ઉમેરવું. પણ કેળા સાથે ઘી પાચનમાં ભારે થાય એટલે જો ઘી ઉમેરો તો બે એલચી વાટીને ઉમેરી દેવી.
- જો ખીર અને કેળા બન્નેનો પ્રયોગ કરવો હોય તો કેળા બપોરે અને ખીર સાંજે એમ ગોઠવવું.
- ભુલેચુકે ખાટી છાશ ન પીવી. ખુબ વલોવેલી, સાવ મોળી છાશ લેવી હોય તો ક્યારેક લેવાય.
- વહેલી સવારે કે સાંજે પરસેવો વળે એટલું ચાલવું. (ચાંદની રાતમાં રાસગરબાના આયોજન પાછળનું રહસ્ય આ જ હતું - પરસેવો પડે)

## પંચદેવ યુવક મંડળ દ્વારા ભાદરવી પૂનમે અંબાજી જતા પદયાત્રીઓ માટે સેવાકેન્દ્રનો પ્રારંભ

ગાંધીનગર, તા.૨૮

શ્રી પંચદેવ યુવક મંડળ ગાંધીનગર દ્વારા છેલ્લા ૨૭ વર્ષ થી ગાંધીનગર ના પ્રવેશદ્વાર એવા ચ-૦ સર્કલ ખાતે ભાદરવી પૂનમે અંબાજી જતા પદયાત્રીઓ માટે સેવકેન્દ્ર નું આયોજન કરવામાં આવે છે જેમાં પદયાત્રીઓ માટે ચા,કોફી,લીંબુ સરબત, ગરમ નાસ્તો, તથા મેડિકલ સારવાર તેમજ આરામની અને ફોન ચાર્જિંગ ની વ્યવસ્થા કરવામાં આવે છે. આ વર્ષે પણ પંચદેવ મંદિરના ધર્મધ્યક્ષ પૂ.ફુલશંકર શાસ્ત્રીજીના વરદ હસ્તે રાખવામાં આવ્યું છે. સેવા કેન્દ્ર તા.૩૦/૮/૨૦૨૨ મંગળવાર સવારે ૯.૩૦ વાગ્યે આદ્યશકિત અંબાજી માતાજીની આરતી કરી સેવા કેન્દ્ર ખુલ્લું મૂકવામાં આવશે.

## પરષોત્તમભાઈ રૂપાલાએ પેથાપુર ખાતે પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીનો 'મન કી બાત' કાર્યક્રમ નિહાળ્યો



ગાંધીનગર, તા. ૨૮

કેન્દ્રીય મંત્રી પરષોત્તમભાઈ રૂપાલાએ રામદેવપીરજી કોમ્યુનિટી હોલ, પેથાપુર, ગાંધીનગર ખાતે પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીનો 'મન કી બાત' કાર્યક્રમ ભાજપા કાર્યકર્તાઓ સાથે નિહાળ્યો હતો. આ કાર્યક્રમમાં મહાનગર ભાજપા પ્રમુખ ઋચિર ભટ્ટ, મહામંત્રી ધર્મેન્દ્રસિંહ વાઘેલા, સંગઠનના હોદ્દેદારો, કોર્પોરેટરો, કાર્યકર્તાઓ સ્થાનિક નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા. 'મન કી બાત' કાર્યક્રમ બાદ કેન્દ્રીય મંત્રી પરષોત્તમભાઈ રૂપાલાએએ સ્થાનિક વોર્ડના સંગઠનના હોદ્દેદારો તેમજ કાર્યકર્તાઓ સાથે ટિફિન બેઠક યોજી હતી. મહાનગરના તમામ વોર્ડમાં બુથ સ્તરે ભાજપા દ્વારા પેજસમિતિના સભ્યો અને કાર્યકર્તાઓ સાથે 'મન કી બાત' કાર્યક્રમ નિહાળવાનું આયોજન કરાયું હતું જેમાં મહાનગર ભાજપાના અગ્રણીઓ નિર્ધારિત સ્થાનોએ ઉપસ્થિત રહ્યા હતા.



ચિલોડા શ્રદ્ધા ના પ્રતીક સમાં નીલકંઠ મહાદેવ મંદિરે પવિત્ર માસ સાવન નિમિતે ચિલોડા ના શિવભક્તો એ એક માસ દૂધ જળ બીલીપત્ર અન્ય પૂજા સામગ્રી થી ભક્તિ ભાવથી પૂજા અર્ચના કરી શિવો અહમ મંત્રોચ્ચાર કરી દર્શન દ્વારા શિવલિંગ પર અભિષેક દ્વારા ભક્તિ ભાવ વ્યક્ત કરી ધન્યતા અનુભવી હતી જ્યારે આજે રાત્રે ૮ :૩૦ કલાકે અમાવશ નિમિતે શિવ ભક્તો દ્વારા મહા આરતી મહોત્સવમાં મોટી સંખ્યામાં આરતી નો વિશેષ લાભ લઈ ભવ્ય ઉજવણીનો માહોલ સર્જી ઓમ નમો શિવાય ના નાદ થી ગુંજી ઊઠ્યું હતું

# ઉદગમ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા ધ્રુવ પર્વ મ્યુઝિક ફેસ્ટિવલનું આયોજન





ગાંધીનગર તા.૨૭

ઉદગમ તેની સ્થાપનાના ૨૫માં વર્ષની ઉજવણી કરી રહ્યું છે ત્યારે ઉદગમ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા આઝાદીના અમૃત મહોત્સવ પ્રસંગે સાંસ્કૃતિક ધરોહર યોજના અંતર્ગત ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમીની સાંસ્કૃતિક ધરોહર યોજના હેઠળ, ઈન્દિરા ગાંધી નેશનલ સેન્ટર ઓફ આર્ટસ(IGNCA), રીજીયોનલ સેન્ટર, વડોદરા તથા ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશનના સહકારથી તા. ૨૭ મી ઓગસ્ટ ૨૦૨૨, શનિવાર ના રોજ,કોમ્યુનિટી હોલ, સેક્ટર -૦૭, ગાંધીનગર ખાતે ધ્રુવ પર્વ- ચોથા ઉદગમ મ્યુઝિક ફેસ્ટિવલનું આયોજન કરેલ હતું. ધ્રુવ પર્વ- ચોથા ઉદગમ મ્યુઝિક ફેસ્ટિવલમાં ઉદગમના ટ્રસ્ટી ડો. મયુર જોષીએ સ્વાગત પ્રવચનમાં ઉદગમના કાર્યક્રમોની માહિતી આપી હતી. ધ્રુવ પર્વના મુખ્યમહેમાન પદે ગાંધીનગર મહાનગર મહાનગર પાલિકાના સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન જશવન્તભાઈ પટેલ, અતિથિવિશેષ પદે ગાંધીનગર મહાનગર ભારતીય જનતા પાર્ટી ના પ્રમુખ રુચિર ભટ્ટ તથા યુવા મોરચાના પ્રમુખ યુવરાજસિંહ ચાવડા અને નગરસેવક હેમાબેન ભટ્ટ અને ઈન્દિરા ગાંધી નેશનલ સેન્ટર ઓફ આર્ટસ(ૈંય્દ્ગઝ્રછ), રીજીયોનલ સેન્ટર, વડોદરાના ડાયરેક્ટર અરૂપા લેહરી પધાર્યા હતા. ધ્રુવ પર્વના મુખ્યમહેમાન જશવન્તભાઈ પટેલે ઉદગમના ભારતીય શાસ્ત્રીય સંગીતના સંવર્ધન કાર્યની સાથે ઉદગમના સામાજિક કાર્યોની પ્રશંસા કરી અને ગાંધીનગરના વિકાસ માટે કોઈપણ જરૂરીયાતની સંસ્થાને બાંહેધરી આપી હતી. મહાનુભાવોના હસ્તે ગાંધીનગરની સંગીતની જાણીતી સંસ્થા શિવરંજનીના પ્રમુખ વાગ્મીન બુચ અને પનઘટ કલા કેન્દ્રના પ્રમુખ ભાવિન મુકુંદભાઈ પટેલનું તેઓની ભારતીય કલા અને સંસ્કૃતિની દીર્ઘકાલીન સેવા બદલ ઉદગમના સ્વર્ગીય ટ્રસ્ટી ધ્રુવભાઈ જોષીની સ્મૃતિમાં અપાતા શાલ અને ટ્રોફીથી ધ્રુવ કલા સમ્માનથી નવાજવામાં આવ્યા હતા. ગાંધીનગરના કલાગુરુ તેમની સરકારી સેવામાંથી વયનિવૃત થતા તેઓને શાલ ઓઢાડીને શુભેછા પાઠવવામાં આવી હતી. ધ્રુવ પર્વ- ચોથા ઉદગમ મ્યુઝિક ફેસ્ટિવલમાં પ્રથમ પ્રસ્તુતિ નવી દિલ્હીથી પધારેલ શાસ્ત્રીય સંગીતના સાધક અને ગાયક વિદુષી ડો. સુભદ્રા દેસાઈએ રાગ નાયકી કાનડા બાદ રાગ શ્રી શિવ તાંડવઃ સ્તોત્ર તથા રાગમાલામાં મધુરાષ્ટકમમાં રાગ મધુવંતી, દેશ, યમન અને ભૈરવીથી સમાપ્તિ કરી હતી. અંતે તેઓએ રાગ જયજયવંતીમાં શ્રોતાઓને સાંકળીને રામધૂન બોલાવી હતી.તેઓની સાથે તબલા પાર શ્રી શંભુનાથ ભટ્ટાચાર્યજી અને આકાશજોષી હાર્મોનિયમ પર સંગત કરી હતી. દ્વિતીય પ્રસ્તુતિ બનારસના સિદ્ધ વીણા વાદક પંડિત સિદ્ધાર્થ બેનર્જીએ રાગ માલકૌંસમાં આલાપ અને ત્યારબાદ તેમની પોતાની કામોઝીશન રૂપક તાલમાં તથા પટિયાલા ઘરાનાની બંદિશ આયે મોરા મંદિરવા અને ઉસ્તાદ અલ્લાઉદીન ખાન સાહેબની ધ્રુત બંદિશ બાદ ઝાલા થી શરૂઆત કરીને રાગ પહાડીમાં બાતોં બાતોમે બીટ ગઈ રેન અને પ્રેક્ષકોની લાગણીને માન આપીને બે દ્રુત રંગ સારી ગુલાબી ચુનરરિયા રેથી પ્રેક્ષકોને મંત્ર મુગ્ધ કરી દીધા હતા.તેઓની સાથે તબલા પાર કબીર શાહે સંગત કરી હતી.

અમદાવાદના કલાકારો હરિહર પંડિત વિજયભાઈ મોરે, કરણ ગજ્જર, રાકેશ વાણી, આકાશ જોશીએ તાલ- વાદ્ય કચેરીમાં તીન તાલની કળાની પ્રસ્તુતિ કરી જેમાં તબલા, નાલ, ઘટમ, દાઝેમ્બે, હાર્મોનિયમ દ્વારા કાયદા, પીસ્તાર., પલ્ટા અને તિહાઈથી પુર્ણાહુતી કરી હતી.

ધ્રુવ પર્વમાં ગાંધીનગરના ભારતીય શાસ્ત્રીય સંગીત રસિક મહાનુભાવો પૂર્વ ગૃહ મંત્રી મહેન્દ્ર ત્રિવેદી, વી. એસ. ગઢવી, પિનાકીન વ્યાસ, કીર્તિભાઈ જોષી રાજેંદ્ર જોષી, ચાણક્ય જોષી, જયરાજસિંહ અને આશાબેન સરવૈયા, જગત કારાણી, શિરીષ અને વૈજંતી ગુપ્તે, સંજય થોરાટ નિમેષ અને મમતા રાવલ, પરમજિત કૌર છાબડા, સી. એલ. મેહતા વગેરે ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમનું મંચ સંચાલન પારુલબેન મેહતાએ કર્યું હતું અને ધ્રુવ પર્વને સફળ બનાવવામાં ઉદગમના હિમાંશુ મકવાણા, જયપ્રકાશ ભટ્ટ, અંજલિ ચૌહાણ, વાગ્મી અને કિરાત જોષીએ ખુબ જ જેહમત ઉઠાવી હતી.



સર્વ વિદ્યાલય ગર્લ્સ હોસ્ટેલ સેકટર ૨૩માં ગુજરાત રાજ્ય સંગીત નાટ્ય અકાદમી તરફથી હોસ્ટેલની વિદ્યાર્થીનીઓને સામાજિક નાટક બતાવવામાં આવ્યું તેનો મોટી સંખ્યામાં વિદ્યાર્થીનીઓએ આનંદ માણ્યો.

## વાવોલમાં જનઔષધિ કેન્દ્રના ઉદઘાટન પ્રસંગે નિઃશુલ્ક બોડી ચેકઅપ કેમ્પનું આયોજન

ગાંધીનગર, તા.૨૮

ગાંધીનગરના "ક" માર્ગ પર વાવોલ વિસ્તારમાં તા.૩૧મી ઓગસ્ટ, બુધવારે ગણેશ ચતુર્થીના પવિત્ર દિવસે સવારે ૯ કલાકે એસબીઆઈ બેંકની વાવોલ શાખાની બાજુમાં નવા પ્રધાનમંત્રી જનઔષધિ કેન્દ્રનું ઉદઘાટન કરવામાં આવશે. આ કેન્દ્ર પર ઉદઘાટન પ્રસંગે નિઃશુલ્ક બોડી ચેકઅપ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. પ્રધાનમંત્રી જનઔષધિ કેન્દ્રના સ્ટોકિસ્ટ તથા સંચાલિકા ફોરમ ગજ્જરે જણાવ્યું હતું કે "પ્રધાનમંત્રી ભારતીય જનઔષધિ પરિયોજના અંતર્ગત જન સામાન્ય સુધી સસ્તા - રાહત દરે ગુણવત્તાયુક્ત દવાઓનું વિતરણ જનઔષધિ કેન્દ્રો દ્વારા કરવામાં આવી રહ્યું છે. ગાંધીનગરમાં સે.૨૪ અને સે.૨૯ બાદ હવે વાવોલ ખાતે પણ જનઔષધિ કેન્દ્ર કાર્યરત કરાયું છે અને તેના ઉદઘાટન પ્રસંગે વિના મૂલ્યે બોડી ચેકઅપ કેમ્પનું આયોજન કરાયું છે જેનો વાવોલ વિસ્તારની જનતા મોટી સંખ્યામાં લાભ મેળવે તે માટે અમારુ જાહેર આમંત્રણ છે."



શિહોલી અને ડભોડા શક્તિ કેન્દ્ર પર મનકી બાત કાર્યક્રમ નિહાળતા ગ્રામજનો. શિહોલી મોટી માં બુથ.૪૧માં બુથ કાર્યકર્તા બુથ૩૯-૪૦ પ્રમુખ અને બીએલ ઓ તથા ડભોડા ૨ શક્તિ કેન્દ્ર ના નવાપુરા અને ભા.જ.૫ કાર્યકર્તા બુથ પ્રમુખ સાથે મન કી બાત કાર્યકમ નિહાળતા ગ્રામજનો રસ પૂર્વક માણ્યો હતો

## સે-૨૩માં નાથીબા હોલ ખાતે નાટક છલોછલ પ્રેમની મોસમ યોજાયું



ગાંધીનગર, તા.૨૮

ગાંધીનગરના સેક્ટર-૨૩માં નાથીબા હોલ ખાતે તા.૨૭મી ઓગસ્ટ, શનિવારે ગુજરાત સંગીત નાટક અકાદમીના આર્થિક સહયોગથી રમેશ કરોલકર લિખિત, નિર્માતા-નિર્દેશક વિવેકા પટેલ પ્રસ્તુત "છલોછલ પ્રેમની મોસમ" યોજાયું હતું. આ પ્રસંગે મુખ્ય મહેમાન તરીકે ફિલ્મ રાઈટર, ડાયરેક્ટર અને એક્ટર ઉપરાંત રાજન રાઠોડ ઉપસ્થિત રહ્યાં હતાં. આ નાટકમાં નૈતિક દેસાઈ, નિશા જાની, જૈમિની ઠાકોર, મિત પ્રજાપતિ, નિશીથ નાયક વગેરેએ અભિનય આપ્યો હતો. નાટકનું દિગ્દર્શન વિવેકા પટેલ અને સહ દિગ્દર્શન નૈતિક દેસાઈએ કર્યુ હતું.



શ્રાવણ માસના છેલ્લા શનિવારે મંદિરોમાં વિવિધ ધાર્મિક કાર્યક્રમો યોજાયા હતા. સેકટર-૫-એ ખાતે શિવશક્તિ મંદિરે અમાસના ફૂલોની રંગોળી બનાવવામાં આવી છે. ભાવિકોએ મોટી સંખ્યામાં આ અનોખી રંગોળીનો લાભ લીધો હતો.







## એમ.બી. પટેલ ગર્લ્સ પ્રાયમરી સ્કૂલમાં અંગ્રેજી અંતર્ગત સહ અભ્યાસિક પ્રવૃત્તિનું આયોજન

ગાંધીનગર, તા. ૨૭

એમ.બી. પટેલ ગર્લ્સ પ્રાયમરી સ્કૂલ દ્વારા ધોરણ-પના અંગ્રેજી વિષયના સંદર્ભમાં એડ ઓન ગેમ પ્રવૃત્તિનું આયોજન સુપરવાઈઝર સંગીતાબેન અને અંગ્રેજી વિષયના શિક્ષકો દ્વારા કરવામાં આવ્યું હતું. જેમાં વિદ્યાર્થિનીઓ રમત દ્વારા અંગ્રેજી સ્પેલિંગ અને વાક્યો સરળતાથી યાદ કરતા શીખી હતી. આચાર્ય બહેન નીરૂબેન પટેલે ભાગ લેનાર તમામ વિદ્યાર્થિની બહેનોને અભિનંદન પાઠવ્યા હતા.

# સતત ઉભરાતી ગટરથી ધોળાકુવામાં નર્કાગારની સ્થિતિ...!!

**મુખ્ય માર્ગ પર જ ઉભરાતી ગટરથી ગંદકી સાથે દુર્ગંધનો માહોલ સર્જાતા નાગરિકો ત્રાહિમામ્ : દૂષિત પાણીમાં માખી-મચ્છર જેવા જીવજંતુઓના ઉપદ્રવથી રોગચાળાનો ભય**







ગાંધીનગર તા.૨૮

ગાંધીનગરના ધોળાકુવા ગામે વિવિધ સમસ્યાઓથી ગ્રામજનો ત્રાહિમામ્ પોકારી ગયા છે. ગામના મુખ્ય માર્ગ પર જ ઉભરાતી ગટર અને ગટરના દુષિત પાણીના ભરાવાને કારણે ખુબજ કાદવ કિચડ અને ગંદકીનો માહોલ સર્જાતો હોવાની રાવ ઉઠવા પામી છે. આ સમસ્યાને પગલે સમગ્ર વિસ્તારમાં દુર્ગંધના માહોલ સાથે ચોમાસાની ઋતુ હોવાથી સીઝનલ બિમારીઓ સાથે દૂષિત પાણીમાં માખી-મચ્છર જેવા જીવજંતુઓના ઉપદ્રવથી રોગચાળાનો ભય પણ ફેલાવા પામ્યો છે. વળી આ ગંદકીમાં જ જુની કચરાપેટીઓ મુકેલી હોવાથી તેના સુધી નાગરિકો પંહોચી શકતા નથી અને તેની આસપાસ જ કચરો ઠલાવાય છે જેમાં રખડતાં ગાય-કૂતરાં ખોરાક શોધવાનો પ્રયાસ કરતા રહીને ગંદકીને વધુ પહોળી કરીને ફેલાવે છે જેના કારણે નર્કાગાર જેવી સ્થિતિ સર્જાવા પામી છે.

ધોળાકુવા ગામના મુખ્ય માર્ગે છેલ્લાં કેટલાંક સમયથી સતત ઉભરાતી ગટરથી નાગરિકો હાલાકી ભોગવી રહ્યાં છે અને આ ઉભરાતી ગટરને કારણે રોડ પર જ ફેલાતી ગંદકીના કારણે વાહનચાલકોને અવરજવરમાં ખૂબ જ તકલીફ પડી રહી છે. એક તરફ ચોમાસાની ઋતુ હોવાને કારણે અને બીજી તરફ સતત નાના-મોટા વાહનોની અવર જવરના કારણે આ માર્ગ ઉપર કાદવ કિચડનું પ્રમાણ દિનપ્રતિદિન વધી રહ્યું છે.

તેમજ રોગજન્ય જીવજંતુઓનો ઉપદ્રવનું જોખમ પણ તોળાઈ રહ્યું છે. વળી કાદવ કીચડ રોડ પર પ્રસરી રહ્યો છે જેના કારણે ગામના ટુ-વ્હીલર ચાલકો, સાયકલ ચાલકો વગેરે અહીંથી પસાર થતાં સ્લીપ થઈ રહ્યાં છે તેમજ રાહદારીઓને પણ ખૂબ જ પરેશાનીનો ભોગ બનવું પડી રહ્યું છે. ઘણાં દિવસથી વકરેલી આ સમસ્યાને ઉકેલવા નાગરિકોએ સ્થાનિક કોર્પોરેટર્સ સહિત તંત્રને અનેક ફરિયાદો કરી છતાં આ સમસ્યાનો નિવેડો આવ્યો નથી જેને કારણે આ માર્ગની હાલત અત્યંત બિસ્માર થઈ જવા પામી છે.